# 3 ભોપાલનો પ્રવાસ

ઊંચાઈ, સેમી અને મીટરના સંદર્ભમાં સમજે અને એકબીજામાં રૂપાંતર કરે.

**એક શાળાનાં ધોરણ ૧ થી ૫ ના પ્રવાસમાં જતાં બાળકોની વિગત આપેલી છે. તેના આધારે પ્રશ્નોના જવાબ આપો.**

| ધોરણ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૧ | ૩૫ |
| ૨ | ૩૦ |
| ૩ | ૪૦ |
| ૪ | ૫૨ |
| ૫ | ૫૩ |
| કુલ | |

**૧. કુલ કેટલાં બાળકો પ્રવાસમાં જવાના છે ?**

**૨. એક બસમાં ૪૦ બાળકો સમાય છે, તો બધાં બાળકોને પ્રવાસમાં લઇ**

**જવા માટે કેટલી બસ જોઇશે ?**

**3. જો પાંચ બસ લઇ જવાનો હોય તો કેટલાં બાળકોને બેસવાની સીટ નહી મળે ?**

**૪. જો ધો. ૪ નાં બાળકોને એક જ બસમાં બેસાડીએ તો કેટલાં બાળકોને**


**સીટ નહી મળે ?**

**૫. ધો. ૧ અને ધો. ૫ નાં બાળકોને બે બસમાં સરખા ભાગે વહેંચીએ તો**

**દરેક બસમાં કેટલા બાળકો સમાય ? કેટલાં બાળકોને સીટ નહી મળે ?**

રોજિંદા જીવનની પરિસ્થિતિઓ, સમસ્યાઓનો ઉકેલ મૂળભૂત ગાણિતીક ક્રિયાઓ દ્વારા આપે છે. (નાણું, લંબાઈ, વજન, જથ્થો, અંતર, ગુંજાશ વગેરે આધારિત)

**કેન્સી, જેન્સી, જય અને મોન્ટુ મેળામાં જાય છે. તેઓ મેળામાંથી વિવિધ રમકડાં ખરીદે છે. ચકડોળામાં બેસવાની મજા માણે છે. આઇસ્ક્રીમ ખાય છે અને શરબત પણ પીવે છે. ચારેય પાસે કુલ રૂપિયા ૧૫૦૦ છે. આપેલાં ચિત્રોનો અભ્યાસ કરી માંગેલા પ્રશ્નોના જવાબ લખો.**




૧. કેન્સી, જેન્સી, જય અને મોન્ટુ ચારેય આઇસ્ક્રીમ ખાય છે તો કુલ કેટલા રૂપિયા તેઓ વેપારીને ચૂકવે છે.

૨. કેન્સી, જેન્સી, જય અને મોન્ટુ ચારેય શરબત પીવે છે, તો તેઓ કેટલા રૂપિયા ચૂકવે છ ?

૩. જય અને મોન્ટુ બંને પોતાના માટે એક એક જેસીબી ખરીદે છે, તો બંનેએ ભેગા મળી વેપારીને કુલ કેટલા રૂપિયા ચૂકવ્યા હશે ?

૪. કેન્સી અને જેન્સી એક એક ઢીંગલી અને એક એક ફૂટબોલ ખરીદે છે. તો બંનેએ ભેગા મળી વેપારીને કુલ કેટલા રૂપિયા ચૂકવ્યાં હશે ?

૫. ચારયને ચકડોળમાં બેસવાનો કુલ કેટલો ખચર્ચ થયો હશે ?

શિક્ષણ સાગર
The King of Education